# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-06-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM KISAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પશ્ચિમ બંગાળ ખાતેથી પીએમ કિસાન સન્માન નિધિનો 23મો હપ્તો જાહેર કરશે. આ અંતર્ગત , દેશભરના 9 કરોડ 44 લાખથી વધુ ખેડૂતોના બેંક ખાતામાં 18 હજાર 880 કરોડથી વધુ રૂપિયા સીધા ટ્રાન્સફર કરવામાં આવશે.

દરમિયાન, ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાનો પીએમ કિસાન ઉત્સવ દિવસ ”યોજાશે. તે અંતર્ગત રાજ્યના 51 લાખ 28 હજારથી વધુ ખેડૂતોને એક હજાર 25 કરોડ રૂપિયાથી વધુની સહાય મળશે.

# NEET EXAM PREPAREDNESS

નેશનલ ટેસ્ટિંગ એજન્સી NTAએ જણાવ્યું કે તે આવતીકાલે યોજાનારી NEET UG 2026ની પુનઃપરીક્ષાના સરળ , ન્યાયી અને પારદર્શક સંચાલન માટે સંપૂર્ણપણે તૈયાર છે. એજન્સીએ જણાવ્યું કે આ પરીક્ષા દેશના 551 શહેરોમાં અને વિદેશના 14 શહેરોમાં 22 લાખ 79 હજારથી વધુ ઉમેદવારો માટે લેવામાં આવશે. એજન્સીએ નોંધ્યું હતું કે નિરીક્ષકો, સંયોજકો, પોલીસ દળો અને વહીવટકર્તાઓ સહિત બે લાખથી વધુ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.

# SURENDRANAGAR KARYAVAHI

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલામાં મહત્તમ છૂટક કિંમત - **MRP** કરતા વધુ ભાવ લેતી હોટલો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. નાયબ કલેક્ટર એચ ટી મકવાણાએ જણાવ્યું કે પાંચ હોટલોમાં ઠંડા પીણા, પાણીની બોટલ ,નાસ્તાના પેકેટમાં **MRP** કરતા વધુ ભાવ લેતા હોવાનું સામે આવ્યું હતું.

**(બાઈટ : એચ ટી મકવાણા, નાયબ કલેક્ટર)**

# PAVAGADH JAHERNAMU

યાત્રાધામ પાવાગઢ ખાતે શ્રદ્ધાળુઓની ભીડ અને ટ્રાફિકની સમસ્યાને ધ્યાને રાખીને આગામી બે માસ સુધી તમામ રવિવારે વાહનો પર પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. તે અંતર્ગત, તળેટીથી માચી સુધી જવાના રસ્તા પર માત્ર સરકારી એસ.ટી. બસો , સરકારી વાહનો અને પાવાગઢ ગામની કાયમી ટેક્સી પાસિંગ ગાડીઓ જ અવર-જવર કરી શકશે.

પ્રવેશબંધીમાં હાલોલ ટીમ્બી ત્રણ રસ્તા , જેપુરા ચોકડી , વડાતળાવ ચોકડી, ઢીંકવા ચોકડી અને ધનકુવા ચોકડીથી પાવાગઢ તરફ પ્રવેશતા ખાનગી ભારે વાહનો પર પ્રતિબંધ રહેશે. તદુપરાંત , પશુઓ દ્વારા ચીજવસ્તુઓ કે માલસામાનનું વહન કરવા પર તેમજ પશુઓ દોરીને જનારાઓ પર માચીથી દુધિયા તળાવ સુધીના રસ્તા પર પ્રતિબંધ રહેશે. આ જાહેરનામું 20 ઓગસ્ટ સુધીના તમામ રવિવારના દિવસો માટે અમલી રહેશે.

# CHHOTAUDEPUR LOKARPAN

છોટાઉદેપુર જિલ્લાના મલાજા ગામે આરોગ્ય સુવિધાઓને વધુ મજબૂત બનાવવા નવીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરાયું. આ પ્રસંગે સાંસદ જશુ રાઠવા ઉપસ્થિત રહ્યા. તેમણે કહ્યું , એક કરોડ 18 લાખ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલા આ આરોગ્ય કેન્દ્રથી ગ્રામ્ય વિસ્તારના લોકોને વધુ સારી અને આધુનિક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ બનશે.

(બાઇટ : જશુ રાઠવા – સાંસદ)

# BHARUCH AAG

ભરૂચ શહેરના જે.બી. મોદી પાર્ક નજીક આવેલી ઝૂંપડપટ્ટીમાં આજે અચાનક આગની ઘટના બની. જેમાં 5થી વધુ ઝૂંપડા બળીને ખાક થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયરની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો.

સદનસીબે આ આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. સમગ્ર ઘટનાને લઈને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# AVC MEN'S VOLLEYBALL CUP 2026

અમદાવાદમાં આજથી AVC મેન્સ વૉલીબૉલ કપનો પ્રારંભ થશે. નારણપુરાના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાનારી આ સ્પર્ધામાં ભારત સહિત 11 દેશોના 240થી વધુ ખેલાડી ભાગ લેશે.

આજે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુકાબલો રમાશે. 28 જૂન સુધી ચાલનારી આ સ્પર્ધામાં 11 ટીમો વચ્ચે જંગ જામશે. ઉલ્લેખનીય છે કે ભારત 2 વર્ષ બાદ પહેલીવાર આ સ્પર્ધામાં ભાગ લેશે.

# CRICKET- IND VS AFG

ક્રિકેટમાં ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે ભારત સામેની ત્રીજી અને અંતિમ વનડેમાં જ્યારે છેલ્લા અહેવાલ મુજબ મુજબ અફઘાનિસ્તાને 10.3 ઓવરમાં 4 વિકેટે 37 રન બનાવ્યા છે. અગાઉ અફઘાનિસ્તાને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારતે 2-0ની સરસાઈ સાથે શ્રેણી જીતી લીધી છે.